RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 294* Date: 22.08.2022, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# મનીષ સિસોદિયા સહિત ૧૩ આરોપીઓ સામે લુકઆઉટ સર્ક્યુલર જારી

## દેશ છોડવા પર પ્રતિબંધ

નવીદિલ્હી,તા.૨૧

દિલ્હી એક્સાઇઝ પોલિસીના અમલ દરમિયાન ભ્રષ્ટાચારના કથિત કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. દિલ્હી એક્સાઇઝ પોલિસીના અમલ દરમિયાન ભ્રષ્ટાચારના એક કથિત કેસમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા સહિત ૧૩ આરોપીઓ વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર જારી કરવામાં આવ્યો છે.

સીબીઆઈની ટીમે શુક્રવારે એક્સાઇઝ પોલિસી ૨૦૨૧-૨૨માં કથિત અનિયમિતતાના સંબંધમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. એજન્સીએ ડેપ્યુટી સીએમ સહિત ૧૫ લોકો સામે કેસ નોંધ્યો છે. હકીકતમાં, સિસોદિયા વિરુદ્ધ ભ્રષ્ટાચારનો કેસ નોંધતા પહેલા, સીબીઆઈએ રાષ્ટ્રપતિ પાસેથી ફરજિયાત પૂર્વ મંજૂરી મેળવી હતી. આ મામલા સાથે જોડાયેલા લોકોએ આ જાણકારી આપી છે.

એજન્સીએ સિસોદિયા અને અન્ય આરોપીઓ સામે નિયમિત લુકઆઉટ પરિપત્ર પણ જારી કર્યા હતા. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૧૭છ હેઠળ, કેન્દ્રશાસિત પ્રદેશમાં ધારાસભ્ય સામે તપાસ કરવા માટે રાષ્ટ્રપતિની પરવાનગી જરૂરી છે. તે જ સમયે, આબકારી અધિકારીઓ સામે તપાસના કિસ્સામાં, લેફ્ટનન્ટ ગવર્નર ગ્રાન્ટિંગ ઓથોરિટી છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, "રાષ્ટ્રપતિ કાર્યાલયમાંથી ૧૭એની મંજૂરી મળ્યા પછી જ સિસોદિયા વિરુદ્ધ ૧૭ ઓગસ્ટે એફઆઈઆરનોંધવામાં આવી હતી." એકવાર એફઆઈઆર નોંધાયા પછી, સિસોદિયા સહિત તમામ ૧૩ નામના વ્યક્તિઓ સામે એલઓસી (લુક આઉટ સર્ક્યુલર) જારી કરવામાં આવ્યા હતા, જેથી કોઈ પણ વ્યક્તિ ભારત છોડે તો ઈમિગ્રેશન અધિકારીઓને ચેતવણી આપે.

૨ માર્ચ, ૨૦૧૬ પછી, જ્યારે ભૂતપૂર્વ લિકર વેપારી વિજય માલ્યા દેશ છોડીને યુકે ભાગી ગયો હતો, ત્યારે સીબીઆઈએ સાવચેતીના ભાગરૂપે લગભગ તમામ કેસોમાં આરોપીઓ વિરુદ્ધ એલઓસી જારી કરવાનું શરૂ કર્યું છે. જેથી ઈમિગ્રેશન અધિકારીઓએ



દેશ છોડવાની સ્થિતિમાં સતર્ક રહેવું જોઈએ.ડેપ્યુટી સીએમએ તેમની સામેની આ નોટિસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સવાલ ઉઠાવ્યા અને પૂછ્યું કે, આ શું ખેલ છે? મનીષ સિસોદિયાએ ટ્વીટ કરીને કહ્યું, તમારા બધા દરોડા ફેલ થઈ ગયા છે, કંઈ મળ્યું નથી, એક પૈસાની ચોરી નથી, હવે તમે લુક આઉટ નોટિસ જારી કરી છે કે મનીષ સિસોદિયા ઉપલબ્ધ નથી. આ શું નૌટંકી છે મોદીજી? હું દિલ્હીમાં આઝાદ ફરું છું, બોલો ક્યાં આવવું? તમને હું મળી નથી રહ્યો?આ પહેલા રવિવારે મનીષ સિસોદિયાએ વીડિયોને ટ્વિટ કરીને લખ્યું હતું કે સીબીઆઈના દરોડા અંગે મોદીજીનું નિવેદન સાંભળવું જોઈએ. જો તમે નહીં સાંભળો તો એક ખૂબ જ મોટું સત્ય જાણવાથી વંચિત રહી જશો. બીજી તરફ સિસોદીયા પર સીબીઆઇ બાદ ઈડીનો સકંજો પણ કસાયો છે.

### સિસોદિયાએ વડાપ્રધાન પર સવાલ ઉઠાવ્યા અને પૂછ્યું કે, આ શું ખેલ છે? હું દિલ્હીમાં આઝાદ ફરું છું, બોલો ક્યાં આવવું? તમને હું મળી નથી રહ્યો?

દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અને પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે દેશના વિકાસ પર સવાલ ઉઠાવ્યા છે અને કેન્દ્ર સરકાર પર દેશ વિરુદ્ધ કામ કરવાનો આરોપ લગાવ્યો છે. રવિવારે અરવિંદ કેજરીવાલે કહ્યું કે જ્યારે દેશ બેરોજગારી સામે લડાઈ લડી રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકાર દેશ વિરુદ્ધ કામ કરી રહી છે.

એક ટ્વિટમાં અરવિંદ કેજરીવાલે કહ્યું, ×એવા સમયે જ્યારે સામાન્ય માણસ મોંઘવારી સામે ઝઝૂમી રહ્યો છે, કરોડો યુવાનો બેરોજગાર છે, ત્યારે કેન્દ્ર સરકારે તમામ રાજ્ય સરકારો સાથે મળીને બેરોજગારી અને મોંઘવારી સામે લડવું જોઈએ.× તેના બદલે તેઓ આખા દેશ સાથે લડી રહ્યા છે. રોજ સવારે સીબીઆઈ ઈડીનો ખેલ શરૂ કરે છે. આવો દેશ કેવી રીતે પ્રગતિ કરશે?'

સીબીઆઈએ આ કેસ સાથે જોડાયેલા અનેક આરોપીઓને પૂછપરછ માટે બોલાવ્યા હતા. હવે સીબીઆઈ દરોડામાં મળી આવેલા વિવિધ દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓની તપાસ કરવા ઉપરાંત બેંક દ્વારા કરવામાં આવેલા વ્યવહારોની તપાસ કરી રહી છે. આ મામલામાં એક્સાઈઝ અધિકારીઓ, દારૂ કંપનીઓના કર્મચારીઓ, ડીલરો અને કેટલાક અજાણ્યા લોકો સામે પણ કેસ નોંધવામાં આવ્યો છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ સીબીઆઈએ એક્સાઈઝ કૌભાંડ સાથે સંબંધિત એફઆઈઆર અને અન્ય દસ્તાવેજો ઈડીને સોંપી દીધા છે. આવી સ્થિતિમાં તેમની સામે મની લોન્ડરિંગનો કેસ નોંધવાની તૈયારી કરવામાં આવી રહી છે. આ પહેલા સીબીઆઈએ ડેપ્યુટી સીએમ સહિત ૧૪ લોકો સામે લુકઆઉટ સર્ક્યુલર જારી કર્યો છે, જેથી તેઓ દેશ છોડી ન શકે. સર્ક્યુલરમાં એ તમામ આરોપીઓના નામ છે જેમની સામે સીબીઆઈએ એફઆઈઆર નોંધી છે.

## કયારેથી કોઈ દેશના બંધારણમાં સુપ્રીમ કોર્ટે એ નક્કી કરવાની મંજુરી આપે છે કે જનતાના પૈસા કેવી રીતે ખર્ચ કરવામાં આવે : તમિલનાડુના નાણાંમંત્રી

ચેન્નાઇ,તા.૨૧

રેવડી વિવાદ વચ્ચે તમિલનાડુના નાણાં મંત્રી ડો પી શિયાગા રાજને ભાજપ પર પ્રહારો કર્યા છે અને પુછયું છે કે શું રાજયોમાં મફત સુવિધા ભગવાનના હાથેથી ઉતરે છે.એ યાદ રહે કે આ વિવાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરમાં કરવામાં આવેલ ટીપ્પણીથી શરૂ થયો છે.જેમાં તેમણે મફતમાં આપવાની જાહેરાતોને રેવડી સંસ્કૃતિ કહી હતી.

તમિલનાડુના નાણાંમંત્રીએ ચુંટણીમાં મફતખોટીને લઇ ભાજપ અને વિરોધ પક્ષો વચ્ચે મોટી રાજનીતિક લડાઇ પર વાત કરતા કહ્યું કે જે પણ હોય મારા માટે એ સ્પષ્ટ નથી કે સર્વોચ્ચ અદાલત ટીવી એન્કર અથવા નાણાં આયોગ બંધારણ હેઠળ નિયમ બનાવવાનો યોગ્ય અધિકાર છે.મતદારો એ આધાર પર પોતાનો નિર્ણય કરશે કે તે (મફત યોજના( તેને પસંદ કરે છે કે નહીં ત્યારબાદથી તેઓ ચુંટણી કરે છે કે નહીં મને સમજમાં આવતુ નથી કે તેમાં કોર્ટની શું ભૂમિકા છે કયારથી કોઇ દેશનું બંધારણ સુપ્રીમ કોર્ટને એ નક્કી કરવાની અનુમતિ આપે છે કે જનતાના પૈસા કેવી રીતે ખર્ચ કરવામાં આવે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીપ્પણી પર જવાબ આપતા નાણાંમંત્રીએ કહ્યું કે ઉત્તરપ્રદેશમાં ભાજપ સરકારે તાજેતરમાં મફત બસની સવારીની જાહેરાત કરી છે શું વડાપ્રધાન તેના પર નકારાત્મક માટે સકારાત્મક છે.તમિલનાડુમાં અમારી પૂર્વવર્તી અન્નાડીએમકે સરકાર(ભાજપના સાથી)એ એક લાખ મહિલાઓ માટે અડધી કીંમત પર સ્કુટર આપવાનો નિર્ણય કર્યો અને વડાપ્રધાન તે યોજનાનું ઉદ્‌ઘાટન કરવા આવ્યા ત્યારે તેમનો વિચાર શું હતો

તેમણે કહ્યું કે એ હાસ્યાસ્પદ છે કે મારા માટે આ એક નિયમ છે તમારા માટે બીજો નિયમ છે.તર્ક તે આપે છે અને કોઇને સવાલ કરવાનો નનથી કારણ કે આ સીધા ભગવાનના હાથથી ઉતરે છે અને જો કોઇ અન્ય આપે છે તો તે કહે છે કે નહીં નહીં આ છે મફતની રેવડી

એ યાદ રહે કે આ મામલો સુપ્રીમ કોર્ટની સમક્ષ પણ છે કારણ કે એક અરજીમાં માંગ કરવામાં આવી હતી કે આવા વચન કરનારા રાજનીતિક પક્ષોનું રજીસ્ટ્રેશન રદ કરવામાં આવે અદાલતે હવે કેન્દ્રને પુછયું છે કે મફતખોરીનો શું અર્થ છે અને આમ આદમી પાર્ટી અને ડીએમકેથી પણ જવાબ માંગ્યો છે.ડીએમકેથી તમિલનાડુના નાણાંમંત્રી પણ છે.

## ભાજપ હાઇકમાન્ડ માટે કોઇ ખતરો બને છે તો તેનું કદ ઘટાડી દેવાય છે : એનસીપી

### યોગ્યતા અને ક્ષમતા વધે છે અને ઉચ્ચ પદ માટે પડકાર રજુ કરવા લાગો છે તો ભાજપ નીચે પછાડી દે છે

મુંબઇ,તા.૨૧

રાષ્ટ્રીયવાદી કોંગ્રેસ પાર્ટીએ કેન્દ્રીય મંત્રી નિતિશ ગડકરીને પાર્ટી સંસદીય બોર્ડથી હટાવી દેવા પર ભાજપ પર કટાક્ષ કરતા કહ્યું છે કે પાર્ટીએ તેમને એક ચતુર રાજનેતાના રૂપમાં તેમના વધતા કદના કારણે પેનલથી હટાવી દીધા છે.ભાજપે તાજેતરમાં સંસદીય બોર્ડની પુર્નરચના કરી છે.નવા બોર્ડમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણના નામ સામેલ કર્યા નથી.એનસીપીના પ્રવકતા કલાઇડ ક્રેસ્ટોએ ટ્વિટર પર કહ્યું કે જયારે તમારી યોગ્યતા અને ક્ષમતા વધે છે અને તમે ઉચ્ચ પદ માટે



પડકાર રજુ કરવા લાગો છે તો ભાજપ તમને નીચે પછાડી દે છે અને કલંકિત લોકોને ઉપર લાવી દે છે.ગડકરી એક મુખ્ય નેતા છે જેમના રાજકીય પાર્ટીઓ સાથે સારા સંબંધ છે.તેમને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણની સાથે ભાજપ સંસદીય બોર્ડથી હટાવી દેવામાં આવ્યો છે. કાસ્ટોએ ટ્વિટર પર કહ્યું કે નિતિન ગડકરીજીનું ભાજપની સંસદીય બોર્ડમાં સામેલ નહીં થવાનું દર્શાવે છે કે એક ચતુર રાજનેતાના રૂપમાં તેમના કદને અનેક ગણુ વધી ગયું છે.ભાજપના વરિષ્ઠ નિર્ણય લેનારી એકમથી બંન્ને નેતાઓના બહિષ્કારને તેમની ઘટતી રાજનીતિક સ્થિતિના સંકેતના રૂપમાં જોવામાં આવી રહ્યું છે.ગડકરી કટ્ટર હરીફ માનવામાં આવતા મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસને ભાજપની કેન્દ્રીય ચુંટણી સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે.ગત મહીને ગડકરીએ કહ્યું હતું કે કયારેક કયારેક તેમને રાજનીતિ છોડવાનું મન થાય છે કારણ કે જીવન માટે અન્ય પણ ખુબ કાંઇ છે. તેમણે એ વાત પર પણ અફસોસ વ્યકત કર્યો હતો કે આજકાલ રાજનીતિ સામાજિક પરિવર્તનના માધ્યમ બનવાથી વધુ સત્તામાં બની રહેવાની બાબતમાં છે. દરમિયાન સમાજવાદી પાર્ટીના પ્રવકતા અનુરાગ ભદૌરિયાએ ભાજપ સરકાર પર ગંભીર આરોપ લગાવ્યા અને તેને તાનાશાહીની સરકાર ગણાવી તેમણે કહ્યું કે ભાજપના વરિષ્ઠ નેતૃત્વને ટોકાટોકી પસંદ નથી કારણ કે તાનાશાહીની સરકાર છે.તેમણે કહ્યું કે નીતિન ગડકરી એક એવા વ્યક્તિ છે સમગ્ર હિન્દુસ્તાનમાં જેમના માટે આમ આદમી કહે છે કે તે કામ કરે છે પરંતુ ભાજપને કામ કરનારા વ્યક્તિ જોઈતા નથી ખોટા અને જુમલેબાજી કરનારા જોઈએ છે.તેમણે આરોપ લગાવ્યો કે ભારતીય જનતા પાર્ટી લોકતંત્રમાં વિશ્વાસ રાખતી નથી

## ચંદીગઢ એરપોર્ટનું નામ શહીદ ભગત સિંહના નામ પર રાખવામાં આવશે

ચંડીગઢ,તા.૨૧

પંજાબ અને હરિયાણાની સરકારો શનિવારે ચંદીગઢ એરપોર્ટનું નામ સ્વતંત્રતા સેનાની ભગત સિંહના નામ પર રાખવા માટે સંમત થયા હતા. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને હરિયાણાના નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલા વચ્ચે આ મુદ્દે થયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.



મુખ્યમંત્રી માનએ ટ્વીટ કર્યું, "પંજાબ અને હરિયાણા ચંદીગઢ ઈન્ટરનેશનલ એરપોર્ટનું નામ શહીદ ભગત સિંહ જીના નામ પર રાખવા સંમત થયા છે. આ મુદ્દે આજે હરિયાણાના નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલા સાથે બેઠક યોજાઈ હતી. ઉલ્લેખનીય છે કે ચંદીગઢ એરપોર્ટના નામને લઈને ભૂતકાળમાં વિવાદ થયો હતો. ૨૦૧૭ માં, પંજાબ સરકારે મોહાલી ખાતેના એરપોર્ટનું નામ "શહીદ-એ-આઝમ સરદાર શહીદ ભગત સિંહ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ" રાખવાની માંગ કરી હતી. હરિયાણા સરકારને ભગત સિંહના નામ સામે કોઈ વાંધો નહોતો, પરંતુ એરપોર્ટ માટે નામના ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરી હતી.

એરપોર્ટનું ટર્મિનલ પંજાબના મોહાલીમાં આવેલું છે. તે પંજાબ અને હરિયાણા સરકારની એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનો રૂ. ૪૮૫ કરોડનો સંયુક્ત પ્રોજેક્ટ છે.

## રાજસ્થાનમાં એસબીઆઇમાંથી ૧૧ કરોડના સિક્કા ગુમ થયા,સીબીઆઇ શોધવામાં લાગી

જયપુર,તા.૨૧

રાજસ્થાનના જીલ્લા કરૌલી ખાતે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાંથી ૧૧ કરોડના સિક્કા ગુમ થઇ ગયા હતાં હવે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ) આ મામલાની તપાસમાં લાગી ગઇ છે.

સુત્રોના જણાવ્યા અનુસાર કરૌલીની એસબીઆઇ બ્રાંચના વોલ્ટથી ૧૧ કરોડના સિક્કા ગુમ થઇ ગયા હતાં હવે આ સિક્કા શોધવામાં સીબીઆઇની ટીમ લાગી ગઇ છે અને સીબીઆઇએ દિલ્હી જયપુર કરૌલી સવઇ માધોપુર અલવર ઉદયપુર અને ભિલવારામાં અનેક પૂર્વ બેંક અધિકારીઓના સ્થળો પર દરોડા પાડયા હતાં.

રાજસ્થાન હાઇકતોર્ટના નિર્દેશ બાદ સીબીઆઇએ ૧૩ એપ્રિલે કેસ દાખલ કર્યો હતો અને તપાસ શરૂ કરી હતી સીબીઆઇએ ૨૫ સ્થળો પર દરોડા પાડયા હતાં રિપોર્ટ અનુસાર સીબીઆઇના અધિકારીઓને કેટલાક સ્થળોએથી શંકાસ્પદ દસ્તાવેજો મળી આવ્યા છે.એસબીઆઇએ હાઇકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો બેંકે કોર્ટને જાણ કરી હતી કે ૩ કરોડથી વધુની રકમ ગુમ છે અને તાકિદે તપાસ કરાવવાની માંગ કરી હતી. ઓગષ્ટ ૨૦૨૧માં એસબીઆઇ બ્રાંચમાં પૈસાની છેંતરપીડીનો ખુલાસો થયો હતો બ્રાંચે કેશ રિઝર્વમાં ગડબડી જોઇ અને પૈસાની ગણતરી કરાવી અને ૧૧ કરોડ ગુમ થયાની વાત સામે આવી આ મામલામાં ટોડાભમ પોલીસ સ્ટેશન કરૌલીમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી

રિપોર્ટ અનુસાર મહેંદીપુર બાલાજી મંદિર ટ્રસ્ટમાં ચઢાવાના રૂપમાં આવનાર રકમને એસબીઆઇ બેંકમાં જમા કરાવે છે

## નીતીશ સરકારના મંત્રી આલીશાન બંગલામાં રહેશે,૬૦ કરોડનો ખર્ચ થઇ રહ્યો છે

પટણા,તા.૨૧

બિહારમાં જયારથી નીતીશકુમારે મહાગઠબંધનની સાથે સરકાર બનાવી છે તમામ રાજનીતિ ગતિવિધિઓ તેજ થઇ ગઇ છે.સોગંદવિધિ સમારોહ બાદ મંત્રીમંડળનું વિસ્તારણ પણ થઇ ગયું હવે નવા મંત્રીઓ માટે આલીશાન બંગલા પણ બની તૈયાર થઇ ગયા છે.ટુંક સમયમાં જ આ બંગલાને સરકાર મંત્રીઓને ફાળવી આપશે.સુત્રોના જણાવ્યા અનુસાર પાટનગર પટણાના ગર્દનીબાગમાં ૨૦ બંગલાની કોલોની પોતાના મંત્રીઓની રાહ જોઇ રહી છે.બિહારમાં આમ પણ બંગલાને લઇ વિવાદ નવી વાત નથી પરંતુ આ વખતે વિવાદ નહીં પરંતુ સોગંદ લઇ ચુકેલ મંત્રીઓને નવા બંગલા જ મળશે.માનવામાં આવી રહ્યું છે કે



આગામી મહીના સુધી કામ પુરૂ કરી લેવામાં આવશે અને મહાગઠબંધન સરકારમાં સામેલ મંત્રીઓ આ બંગલામાં રહેશે આ બંગલા લગભગ ૬૦ કરોડના ખર્ચ તૈયાર કરવામાં આવી રહ્યા છે.મંત્રીઓના બંગલામાં એડવાંસ સીવરેજ સિસ્ટમ સહિત અનેક સગવડો જોવા મળી રહી છે એક કેમ્પસમાં તમામ મંત્રીઓના રહેવા માટે બંગલાનું નિર્માણ કરાવવામાં આવ્યું છે જેમાં મંત્રીઓની સુખ સુવિધા માટે કલબ,કોમ્યુનિટી હોલ,તેમની સુરક્ષા કર્મચારીઓના રહેવા માટે અલગથી બેરેક,કેન્ટીંગ અને અન્ય સુવિધા પણ આપવામાં આવશે.હાલમાં ૨૦ બંગલાનું નિર્માણ કરાવવામાં આવ્યું છે અને તમામ બંગલા વિભાગના નામથી અલોટ થશે આ બંગલામાં કુલ આઠ રૂમ છે.

## તંત્રી સ્થાનેથી...

# રોહિંગ્યાઓની ઘૂસણખોરીનો સવાલ



કેન્દ્રીય આવાસ અને શહેરી વિકાસ બાબતોના મંત્રી હરદીપ પુરી તરફથી કરવામાં આવેલું એ ટ્વીટ વાસ્તવમાં ચોંકાવનારું હતું કે દિલ્હીમાં રહેતા રોહિંગ્યાઓને તમામ સુવિધાઓ યુક્ત ફ્લેટ મળશે. આ માહિતી એટલા માટે હેરાન કરનારી હતી, કારણ કે મોટાભાગના રોહિંગ્યાઓ ઘૂસણખોરી કરીને ભારતમાં આવ્યા છે અને કેન્દ્ર સરકાર દ્વારા વારંવાર એમ કહેવાતું રહ્યું છે કે તેમને પાછા મોકલવામાં આવશે. એ સારું થયું કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એ સ્પષ્ટ કરી દીધું કે રોહિંગ્યાઓ બાબતે એવો કોઈ નિર્ણય લેવાયો નથી, જેવું કે હરદીપ પુરીએ ટ્વીટ કરીને કહ્યું હતું, પરંતુ તેના મૂળ સુધી જવાની જરૂર છેકે આ ગફલત થઈ કેવી રીતે? શું આ સામંજસ્યના અભાવનાં કારણે બન્યું? જે પણ હોય, માત્ર એટલાથી સંતુષ્ટ ન થઈ જવાય કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દિલ્હી સરકારે આ નિર્દેશ આપ્યો કે રોહિંગ્યાઓની વસ્તીને ડિટેન્શન સેન્ટર જાહેર કરવામાં આવે. આવશ્યક એ છે કે રોહિંગ્યાઓને પાછા મ્યાંમાર મોકલવા માટે હરસંભવ પ્રયત્ન કરવામાં આવે.

તેની અવગણના ન કરી શકાય કે રોહિંગ્યા માત્ર દિલ્હીમાં જ નહીં, દેશના અન્ય હિસ્સામાં પણ થઈ રહ્યા છે. તેનાથી પણ ચિંતાની વાત એ છે કે તેની ઘૂસણખોરીનો સિલસિલો અટકી નથી રહ્યો. કેટલીય એવી ટોળકીઓ છે, જે તેમને ન માત્ર ચોરીછૂપી ભારતમાં ઘૂસાડી રહ્યા છે, બલ્કે તેમને દેશના વિભિન્ન શહેરોમાં વસાવવાનું કામ પણ કરી રહ્યા છે. એ જ રીતે કેટલીક ટોળકીઓ એવી પણ છે, જે તેમને આધાર કાર્ડ સુદ્ધાં અપાવી રહી છે. એવા કેટલાય રોહિંગ્યાઓ પકડાઈ પણ ગયા છે, જેમને આધાર કાર્ડ મેળવી લીધા હતા. ક્યારેક ક્યારેક તો એવું લાગે છે કે કોઈ મોટા ષડયંત્ર અંતર્ગત રોહિંગ્યાઓને ભારતમાં ઘૂસાડવા અને વસાવવાનું કામ થઈ રહ્યું છે. બાંગ્લાદેશ અથવા મ્યાંમારથી પૂર્વોત્તર ભારતમાં ઘૂસણખોરી કરવામાં સફળ રોહિંગ્યા જે રીતે દેશના બીજા છેડા જમ્મુ અને હૈદરાબાદ સુદ્ધાંમાં જઈને વસી ગયા છે, તે સહજ-સામાન્ય બાબત નથી.

રોહિંગ્યાઓ દેશના કેટલાક એવા વિસ્તારોમાં પણ વસી રહ્યા છે, જ્યાં આબાદીનું સંતુલન પહેલેથી જ ખોરવાયેલું છે. કેન્દ્ર સરકારે એ જોવું પડશે કે આખરે એ કયા લોકો છે, જેઓ રોહિંગ્યાઓને દેશના વિભિન્ન શહેરોમાં વસાવવાનું કામ કરી રહ્યા છે? તેનો કોઈ મતલબ નથી કે એક તરફ રોહિંગ્યાઓને દેશની સુરક્ષા માટે ખતરો માનવામાં આવે અને બીજી તરફ તેમની ઘૂસણખોરીનો સિલસિલો અટકે નહીં. દેશમાં જ્યાં પણ રોહિંગ્યા ઘૂસણખોરો રહે છે, ત્યાં તેમના પર નજર રાખવાની જરૂર છે. આ જ રીતે જેમ દિલ્હી સરકારને તેમની વસ્તીઓને ડિટેન્શન સેન્ટર જાહેર કરવાના નિર્દેશ આપવામાં આવ્યા, એવા જ નિર્દેશ અન્ય રાજ્ય સરકારોને પણ આપવાની જરૂર છે.

# ગીતામાં વર્ણવેલ..ગુણાતીત મહાપુરૂષોનાં લક્ષણો-૧

શ્રીમદ્ ભગવદ ગીતામાં ભગવાન કહે છે કે: "જ્યારે વિવેકી (વિચાર કુશળ) મનુષ્યત ત્રણે ગુણોના સિવાઇ અન્ય કોઇને કર્તા દેખતો નથી અને પોતાને ગુણોથી પર અનુભવ કરે છે ત્યારે તે મારા સ્વરૂપને પ્રાપ્ત થઇ જાય છે.દેહધારી (વિવેકી મનુષ્ય) દેહને ઉત્પન્ન કરવાવાળા આ ત્રણે ગુણોનું અતિક્રમણ કરીને જન્મ-મૃત્યુ અને વૃધ્ધાવસ્થારૂપી દુ:ખોથી રહીત થયેલો અમરતાનો અનુભવ કરે છે.(ગીતા:૧૪/૧૯)



તમામ ક્રિયાઓ અને પરીવર્તનોમાં ગુણો જ કારણ છે બીજું કોઇ કારણ નથી.તે ગુણો જેનાથી પ્રકાશિત થાય છે તે તત્વ ગુણોથી પર છે.ગુણો અને ક્રિયાઓની તેના ઉપર કોઇ અસર પડતી નથી.દેહને ઉત્પન્ન કરવાવાળા ગુણો જ છે.જે ગુણની સાથે મનુષ્ય પોતાનો સબંધ માની લે છે તેના અનુસાર તેને ઉંચ નીચ યોનિઓમાં જન્મ લેવો પડે છે.આથી પ્રત્યેક મનુષ્યે મૃત્યુ પહેલાં પોતાના ગુણાતીત સ્વરૂપનો અનુભવ કરી લેવો જોઇએ.ગુણાતીત પુરૂષ દુ:ખોથી મુક્ત થઇને અમરતાને પ્રાપ્ત થાય છે એવું સાંભળીને અર્જુન ગુણાતીત મનુષ્યનાં લક્ષણો જાણવાની જિજ્ઞાસાથી ભગવાનને પ્રશ્ન પૂછે છે કે..

"હે પ્રભુ ! આ ત્રણે ગુણોથી પર થયેલો મનુષ્ય કયાં લક્ષણોથી યુક્ત હોય છે? તેનાં આચરણ કેવાં હોય છે? અને એ ત્રણે ગુણોનું અતિક્રમણ કેવી રીતે કરી શકાય છે?(ગીતા:૧૪/૨૧)

ભગવાન ગુણાતીત મહાપુરૂષની તટસ્થતા-નિર્લિપ્તતાનું વર્ણન કરતાં કહે છે કે "હે પાંડવ ! પ્રકાશ પ્રવૃત્તિ તથા મોહ આ બધાં જ સારી રીતે પ્રવૃત થઇ જાય તો પણ ગુણાતીત મનુષ્ય તેમનો દ્વેષ કરતો નથી અને આ બધાં નિવૃત્ત થઇ જાય તો તેમની ઇચ્છા કરતો નથી.ઇન્દ્રિયો અને અંત:કરણની સ્વચ્છતા, નિર્મળતાનું નામ પ્રકાશ છે.જેનાથી ઇન્દ્રિયો દ્વારા શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ..આ પાંચેય વિષયોનું સ્પષ્ટ રીતે જ્ઞાન થાય છે,મનથી મનન થાય છે અને બુધ્ધિથી નિર્ણય થાય એનું નામ પ્રકાશ છે.

જ્યાં સુધી ગુણોની સાથે સબંધ રહે છે ત્યાંસુધી રજોગુણની લોભ પ્રવૃત્તિ, રાગપૂર્વક કર્મોનો પ્રારંભ, અશાંતિ અને સ્પૃહા..આ વૃત્તિઓ પેદા થતી રહે છે પરંતુ જ્યારે મનુષ્ય ગુણાતીત થઇ જાય છે ત્યારે રજોગુણની સાથે તાદાત્મય રાખવાની વૃત્તિઓ તો પેદા થઇ શકતી નથી પરંતુ આસક્તિ અને કામનાથી રહીત પ્રવૃત્તિ રહે છે,આ પ્રવૃત્તિ દોષી નથી.રજોગુણનાં બે રૂપ છે:રાગ અને ક્રિયા..આમાંથી રાગ એ દુ:ખોનું કારણ છે.આ રાગ ગુણાતીત મનુષ્યમાં રહેતો નથી પરંતુ જ્યાં સુધી ગુણાતીત મનુષ્યનું દેખાવાવાળું શરીર રહે છે ત્યાં સુધી તેના દ્વારા નિષ્કામભાવપૂર્વક આપમેળે ક્રિયાઓ થતી જ રહે છે.મોહ બે પ્રકારનો છે. (૧) નિત્ય અનિત્ય, સત્-અસત,કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક ન થવો અને (૨) વ્યવહારમાં ભૂલ થવી.

ગુણાતીત પુરૂષમાં પહેલા પ્રકારનો મોહ તો હોતો જ નથી પરંતુ વ્યવહારમાં ભૂલ થવી એટલે કે કોઇના કહેવાથી કોઇ નિર્દોષ વ્યક્તિને દોષી માની લેવી વગેરે તથા દોરડામાં સાપ દેખાઇ જવો, મૃગતૃષ્ણામાં જળ દેખાઇ જવું, છીપ અને અબરખમાં ચાંદીનો ભ્રમ થઇ જવો વગેરે મોહ તો ગુણાતીત મનુષ્યમાં પણ થાય છે.

સત્વગુણનું કાર્ય છે પ્રકાશ.રજોગુણનું કાર્ય પ્રવૃત્તિ અને તમોગુણનું કાર્ય મોહ છે.ગુણાતીત હોવાના કારણે ગુણોની વૃત્તિઓના આવવા જવાથી તેમનામાં કંઇ પણ ફરક પડતો નથી,તે આ વૃત્તિઓથી નિર્લિપ્ત રહે છે.ગુણાતીત મહાપુરૂષ જે ઉદાસીનની જેમ રહેલો છે અને જે ગુણોના દ્વારા વિચલિત થતો નથી તથા ગુણો જ ગુણોમાં વર્તી રહ્યા છે આ ભાવથી જે પોતાના સ્વરૂપમાં જ સ્થિર રહે છે અને પોતે કોઇપણ ચેષ્ટા કરતો નથી.

બે વ્યક્તિઓ પરસ્પર વિવાદ કરતી હોય તો એ બંન્નેમાંથી કોઇપણ એકનો પક્ષ લેવાવાળો પક્ષપાતી કહેવાય છે અને બંન્નેનો ન્યાય કરવાવાળો મધ્યસ્થી કહેવાય છે પરંતુ જે બંન્નેને જુવે છે પરંતુ કોઇનો પક્ષ લેતો નથી અને કોઇને કંઇ કહેતા પણ નથી તે ઉદાસીન કહેવાય છે,એવી જ રીતે સંસાર અને પરમાત્મા બન્નેને દેખવાથી ગુણાતીત મનુષ્ય ઉદાસીનના જેવો દેખાય છે તથા તેના કહેવડાવવાવાળા અંત:કરણમાં સત્વગુણ,રજોગુણ અને તમોગુણ-આ ત્રણ ગુણોની વૃત્તિ તો આવે છે પરંતુ તે એમનાથી વિચલીત થતો નથી કારણ કે:તેના અંત:કરણ સહિત તમામ સંસારનો અત્યંત અભાવ તેમજ પરમાત્મા તત્વનો ભાવ નિરંતર આપમેળે સ્વાભાવિક જ જાગૃત રહે છે તથા ગુણોમાં જ તમામ ક્રિયાઓ થઇ રહી છે આવું સમજીને પોતાના સ્વરૂપમાં નિર્વિકારરૂપે સ્થિર રહે છે.આવો ગુણાતીત પુરૂષ પોતે કંઇપણ ચેષ્ટા કરતો નથી કારણ કે અવિનાશી શુધ્ધ સ્વરૂપમાં ક્યારેય કોઇ ક્રિયા થતી જ નથી.ગુણાતીત મનુષ્યનાં આચરણો કેવાં હોય છે? તે સમજાવતાં ભગવાન ગીતામાં કહે છે કે "જે ધીર મનુષ્ય સુખ-દુ:ખમાં સમાન તથા પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે, જે માટી,પત્થર અને સોનામાં સમાન રહે છે, જે પ્રિય-અપ્રિયમાં તથા પોતાની નિંદા-સ્તુતિમાં સમાન રહે છે, જે માન-અપમાનમાં તથા મિત્ર-શત્રુના પક્ષમાં સમાન રહે છે, જે તમામ કર્મોના આરંભનો ત્યાગી છે તે મનુષ્ય ગુણાતીત કહેવાય છે.

નિત્ય-અનિત્ય, સાર-અસાર વગેરેના તત્વને જાણીને સ્વત: સિધ્ધ સ્વરૂપમાં સ્થિત હોવાથી ગુણાતીત ધૈર્યવાન કહેવાય છે.પૂર્વ કર્મો અનુસાર આવવાવાળી અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિનું નામ સુખ-દુ:ખ છે એટલે કે પ્રારબ્ધના અનુસાર શરીર ઇન્દ્રિયો વગેરેને અનુકૂળ પરિસ્થિતિને સુખ કહે છે અને પ્રતિકૂળ પરિસ્થિતિને દુ:ખ કહે છે.ગુણાતીત મનુષ્ય આ બંન્નેમાં સમાન રહે છે.સ્વરૂપમાં સુખ-દુ:ખ છે જ નહી. સ્વરૂપથી તો સુખ-દુ:ખ પ્રકાશિત થાય છે આથી ગુણાતીત મનુષ્ય આવવા જવાવાળા સુખ-દુ:ખનો ભોક્તા બનતો નથી પરંતુ પોતાના નિત્ય નિરંતર રહેવાવાળા સ્વરૂપમાં સ્થિર રહે છે.

ગુણાતીત મનુષ્ય માટીના ઢેફા,પત્થર અને સુવર્ણમાં આકર્ષણ(રાગ) કે વિકર્ષણ (દ્વેષ) થતું નથી, તેમની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં તેમને હર્ષ શોક થતો નથી તે સમાન રહે છે તો પણ તેમની સાથે વ્યવહાર તો યથાયોગ્ય જ કરે છે.ક્રિયામાન કર્મોની સિધ્ધિ-અસિધ્ધિમાં એટલે કે તેમના તાત્કાલિક ફળની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં પણ તે સમાન રહે છે.

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું અને આટલું નથી ખાવુ- રાજુ રદીનો નિર્ણય

આપણી કેટલીક રૂઢ કે આરૂઢ માન્યતા પાછળ કયું ફોર્સ હોય છે તેની ખબર નથી. આમાનતા પર આરૂઢ થઇને લકડી કી કાઠી, કાઠી કા ઘોડા પર બેસીને તબડક તબડક કરીએ છીએ. આ માન્યતા સત્યની એરણ પર ચોવીસ કેરેટની સાબિત ન પણ થાય! જરૂરી નથી કે બધી માન્યતા સાચી જ હોય. આપણે ખોટી માન્યતાના આધારે જીવનની વૈતરણી તરવાની ભરચક કોશિશ કરીએ છીએ.



અમુક માન્યતા રેન્ડમ ચકાસો.દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જશે!! જેમ કે ભગવાનને ઘરે દેર છે પણ અંધેર નથી. આ સાંભળીને રાજુ રદી સ્ટવની માફક ફાટે છે. છ ભવથી વાંઢો જન્મું છું. હવે કેટલી સબૂરી રાખવાની સાતમા ભવમાં વાંઢા રહેવાનું વિધિએ લખ્યું હશે કે શું?

ભગવાનની ચક્કી ઝીણું દળે છે. રાજુ રદી કહે છે કે તેનો વાંધો છે. ઝીણો લોટ થાળામાં રહેતો નથી.

કિસ્મત ફૂટેલું જ રહે છે!! ભગવાન ભૂખ્યા ઉઠાડે છે અને ભૂખ્યા જ સુવડાવે છે!!!

સૌથી મોટું ઈસ્ટમેન કલર જૂઠ એ છે કે ભગવાન ભાવનાનો ભૂખ્યો છે. એક તુલસીદલ કે ચપટી ખાંડ ધરાવો તો ભગવાન રાજીના રેડ થઇ જાય છે.વિદુરની ભાજી , સુદામાના તાંદુલ અને શબરીના એંઠા બોર સામે બત્રીસ ભોજન અને તેત્રીસ પકવાનને ઠોકર મારી હતી.ચાલો, દ્વારકાધીશની દિનચર્યા જોઇએ.

ભગવાનને વહેલી સવારે દંતમંજન કરાવવામાં આવે છે.પછી ભગવાનને ખાસા એટલે કોગળા-મુખ પ્રક્ષાલન કરાવાય છે!!આપણે ચા, કોફી, દૂધ, કે બોર્નવિટા સાથે કેલોગ્ઝ, ખાખરા, રાતની વાસી ભાખરી-રોટલી, કાઠિયાવાડ હોય તો વણેલા ગાંઠિયા-જલેબી લઇએ છીએ. સવારે શિરામણમાં મિષ્ટાન્ન લેતા નથી. આપણા ભગવાન દંતમંજન પછી મૈસુબ, સાટા,બુદીના લાડું, મગજના લાડું ધરાવવામાં આવે છે. ઉપરથી તાંબુલ એટલે પાનના બીડા!!( તમારે મિઠાઇ આરોગવી હોય તો કયો કંદોઈ વહેલી સવારે દુકાન ખોલવાનો છે? વહેલી સવારે માવા, મસાલા ફાકી માટે પાનના ગલ્લે લાંબા થવું પડેમિષ્ટાન્નનો કેટલો હેવી ડોઝ?મધુપ્રમેહ કે રકતચાપની પણ પરવા નહીં!!

વહેલી સવારે મિઠાઇ આરોગ્યા પછી સવારે ૬.૩૦ વાગ્યે મંગળા-કડછા આરતી થાય. સવારે આઠ વાગ્યે ભગવાન પલાંઠી વાળીને શાકભાજી અને શાકભાજીના ભજિયા આરોગે. ઘરવાળીને મુડ સારો હોય તો સવારમાં ચાનો માંડમાંડ મેળ થાય ત્યાં શાકભાજીનો મનોરથ તો વ્યામોહ રે માયા છે ભરત!!

સાડા દસ વાગ્યે પ્રભુ પાછા ભૂખ્યો હોં, મારા વાલા!!ઘીની પુરી,( અરે મોંમાં પાણી પછી લાવજોં પહેલાં બધું વાંચી તો લો, મારા સાહેબ!!)દહીંવડા, શાકભાજીના ભજિયા, ચોળાફળી,બુદીના લાડું, મેસુબ ,મોહનથાળ, ખાજા, પુરીનું નખજમણ પ્રભુ પ્રાંસન કરે છે. ઘી, ખાંડ અને તળેલી આઇટમો ધરાવવાથી કોલોસ્ટ્રોલ વધે તેની પણ ચિંતા કરવાની નહીં??બાફેલું, વરાળથી રાંધેલું, કોરું, કાચું ખાવાની ડાઇટેશ્યિનો સલાહ દેતા હોય છે. ભગવાનના પર્સનલ ફિઝિશ્યન ધન્વંતરિ પ્રભુને કંઇ સ્વાસ્થ્ય સંબંધી ટિપ્સ આપતા નહીં હોય??

બોલો સાડા દસે ભગવાને ઠુંસીઠુંસીને ભરપેટ બેપેટ કરી જમ્યા હોય પછી પોણા કલાકમાં ભૂખ્યા થાય ? પ્રત્યુતર હકારાત્મક છે!!

સવારના સવા અગિયારે ગ્વાલભોગ ધરાવાય. જેમાં ઘીની પુરી ,તમામ વ્યંજન( વ્યાકરણમાં આવે એવા સ્વર વ્યજંન નહીં. વ્યંજન એટલે વાનગીઓ !!)થોપડી, શાકભાજીના ભજિયા, મગજના લાડું ખવરાવવામાં આવે.આ ભોગ પ્રભુ ગ્વાલ સ્વરૂપે ગાય ચરાવવા જતા ત્યારે જે ભાતું આરોગતા હતા તેવું ભોજ આપવામાં આવે છે!! ગ્વાલ ભોગ પછી પોણા કલાકે રાજભોગ ઝાપટવાનો! પ્રભુ આપને પેટ છે કે પટારો એવો સવાલ અમારા નાસ્તિક મગજને થાય.કિન્તુ, ભગવદ ગીતામાં સંસશ્યાતિ આત્મા વિનિશ્યન્તે એમ કહ્યું છે. એટલે સાલું સંશય કરવામાં પણ જોખમ છે. ક્યાંક શતમુખ વિનાશ થઇ જાય તો???

રાજભોગમાં દાળભાત, રોટલી, કઢી, શાક આપવામાં આવે છે. ઋતુ અનુસારના ફરસાણ-મિઠાઇ તો ખરી જ!!પ્રભુની જુબાં કેસરી થાય તેટલા માટે( અરે ભાઇ પૂરું વાંચો તો ખરા!! વિમલ ગુટકાની વાત કરતો નથી!!! ભગવાન કાંઇ અજય દેવગન, અક્ષયકુમાર કે શાહરૂખખાન છે કે વિમલની પડીકી ઉદરમાં ઓરે??)કેસર જલ પીવડાવવામાં આવે છે!!!

સાંજે પાંચ રે પાંચ ત્રીસે રોંઢા ટાઇપ -ઉત્થાપન ભોગ.જેમાં ઋતુ મુજબના ફળ અમે સૂકા મેવા, મગજ, ખાજા પુરી ભગવાન આરોગે છે.

સાત વાગ્યે સંધ્યા ભોગમાં ભગવાનને રાહત મળે છે. સંધ્યા ભોગમાં દુગ્ધનો ભોગ ધરાવાય!!

છેલ્લે ભગવાન શયન કરતાં પહેલાં પણ ઉદરપૂજા કરે છે. શયનભોગમાં દુગ્ધ, પુરી,મેસુબ,મગજના લાડુ, ખાજા પુરી, શાકભાજીના ભજિયા ટટકારે છે!!

ભગવાન દિવસ શરૂ થયેથી શયન સુધી કેટકેટલું જમે-આરોગે-પ્રાશન કરે છે. શાકભાજીના ભજિયા, ખાજા, પુરી મેસુબ મગજના લાડુ તો રિપિટ થાય છે. મેનુમાં મોનોટોની છે! ભગવાનને કેક, પેસ્ટ્રી, વણેલા ગાંઠિયા, પિત્ઝા, નાચોજ, મોમોજ, નુડલ્સ વગેરે કેમ ધરાવતા નહીં હોય? નટખટને તેમના સ્વભાવ જેવી જલેબી પ્રિય નહીં હોય?

મૃત્યુલોકના માનવીએ કેટવી વાર સ્નાન કરવું અને કેટલી વાર ભોજન કરવું તેનું માર્ગદર્શન નંદી થ્રુ આપેલું. મહાદેવે ત્રણ વાર સ્નાન કરવા અને એકવાર ભોજન કરવા ઓરીજીનલ ગાઇડન્સ આપેલ. નંદીએ તેમાં ફયુજન કર્યું અને ત્રણ વાર ભોજન અને એકવાર સ્નાનનું ગાઇડન્સ આપીને માનવી માટે મુશ્કેલીઓની હારમાળા ખડી કરેલી. પ્રભુ તો ત્રણનારના બદલે તેર વાર આરોગે છે!!!

ભગવાન તરીકે ભોજન કરવાની આધ્યાત્મિક અને સંવેદનાત્મક સંવેદનશીલ સંવૈધાનિક ફરજો જોઇને હતપ્રભ થઇને રાજુ કહે છે કે ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું અને આટલું બધું નથી ખાવું!!

આટલા લાંબા બખાળા પછી ખબરદાર કોઇએ કહ્યું છે કે ભગવાન ભાવનાના ભૂખ્યા છે.

વાસ્તવમાં મારો નાથ ભાવનાનો જ ભૂખ્યો છે. જય દ્વારકાધીશ!જય રણછોડ! માખણચોર!!

ભરત વૈષ્ણવ
૨૯.૮.૨૦૨૨.

ચંદ્ર ગ્રહણ-જમીન પર
અવાજ કર્યા સિવાય,
ચૂપચાપ,
મને ફોલો કરો.
ચાંદ જોવાની તમન્ના છે?
એ તમન્ના પૂરી થશે,
એ પણ ધોળા દિવસે.
એ ચાંદ ,
એડીસી બેંકને અજવાળતો હતો!!
ચાંદ એટલે ચાંદ.
એને નામ ન હોય!
કેવળ સર્વનામ હોય!!
મંથર ગતિએ,
રોડ ક્રોસ કરી સામે આવ્યો.
એક હાથમાં વોટર બોટલ ભરવાની,
બ્લુ રંગની જયુટ બેગ હતી.
બીજા હાથમાં ભારેખમ પર્સ!!
ચાંદ સ્લાઈટ સ્થુળ હોઇ શકે ??
ચાંદને તો કાર જ હોય ને?
તમારું અનુમાન ખોટું!
એ ચાંદે એકટીવા પર પર્સ ટેકવ્યું.
પર્સમાંથી બ્લેક ગોગલ્સ કાઢી આંખ પર ચડાવ્યા!!
પછી એક દુપટ્ટો કાઢી ,
અડધો વાળ્યો. દુપટ્ટો ચહેરા પર લગાવી એક છેડા સાથે બીજો છેડો બાંધ્યો. દુપટ્ટાથી કપાળ ઢાંક્યુ!!!
હવે ચાંદના ગોગલ્સ પાછળ આંખ દેખાય!!
ચાંદ વાદળો પાછળ લપાય,
પણ,
દુપટ્ટાથી ઢંકાય,
એવું પહેલી વાર!!
અમે ચાંદનું,
દુપટ્ટાના રાહુકેતુથી ,
જમીન પર થતું ગ્રહણ નિહાળ્યું!!!
ભરત વૈષ્ણવ
૨૦.૮.૨૦૨૨.ઈ કવિતા

# રાજેન્દ્ર ત્રિવેદીનું રેવન્યુ ખાતું અને પૂર્ણેશ મોદીનું માર્ગ બાંધકામ વિભાગ છીનવી લેવામાં આવ્યું



ગાંધીનગર,તા.૨૧

વિધાનસભાની ચૂંટણી પહેલા રાજ્ય સરકારના બે વરિષ્ઠ મંત્રીઓના વિભાગ પાછા ખેંચી લેવામાં આવ્યા છે. જેમાં રાજેન્દ્ર ત્રિવેદીનું રેવન્યુ ખાતું અને પૂર્ણેશ મોદીનું માર્ગ બાંધકામ વિભાગ છીનવી લેવામાં આવ્યું છે. આ બંને વિભાગ અન્ય બે નેતાઓને સોંપવામાં આવ્યા છે. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીને મહેસૂલ વિભાગનો વધારાનો હવાલો આપવામાં આવ્યો છે, જયારે જગદીશ પંચાલને માર્ગ બાંધકામ વિભાગ આપવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે ભૂપેન્દ્ર પટેલ સરકારની નવી ટીમના મંત્રીઓએ થોડા સમય પહેલા જ પદના શપથ લીધા હતા. રાજેન્દ્ર ત્રિવેદી, જીતુ વાઘાણી, હૃષીકેશ પટેલ, પૂર્ણેશ મોદી, રાઘવજી પટેલે પ્રથમ કેબિનેટ મંત્રી તરીકે એકસાથે શપથ લીધા. ત્યારબાદ કનુ દેસાઈ, કિરીટ રાણા, નરેશ પટેલ, પ્રદીપ પરમાર, અર્જુનસિંહ ચૌહાણે પણ એકસાથે કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. નવી સરકારમાં, ૧૦ કેબિનેટ સ્તરના અને ૧૪ રાજ્ય સ્તરના મંત્રીઓએ શપથ લીધા અને તેમને પોર્ટફોલિયોની ફાળવણી કરવામાં આવી.

કેબિનેટમાં બે સીનિયર મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી અને પૂર્ણેશ મોદી પાસેથી ખાતા છીનવ્યા બાદ કોંગ્રેસે સરકાર પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ પત્રકાર પરિષદ યોદી હતી. મનીષ દોશીએ કહ્યુ કે, ૨૦૧૭માં અનેક વાયદાઓ કરીને સત્તા મેળવનાર ભાજપે ભ્રષ્ટાચાર ચાલુ રાખ્યો. થોડા સમય પહેલા સમગ્ર મંત્રીમંડળ બદલી નાખવામાં આવ્યું હતું. પરંતુ ભાજપે ભ્રષ્ટાચારનો સિલસિલો જાળવી રાખ્યો હતો.

કોંગ્રેસના પ્રવક્તાએ કહ્યું કે ભાજપ જે મંત્રીના વખાણ કરતું હતું, જેઓ રેડ કરતા હતા. તેણમે ખેડામાં જમીન મામલે ભ્રષ્ટાચાર કર્યો છે. મહેસૂલ વિભાગ ભ્રષ્ટાચારનું એપી સેન્ટર બન્યું છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે મહેસૂલ મંત્રીની કઈ-કઈ ચીઠ્ઠી હાથ લાગી કે તેમને હટાવી દેવામાં આવ્યા. તો પૂર્ણેશ મોદી પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે જો મંત્રીએ ખાડા પૂર્યા તો કેમ હટાવવામાં આવ્યા.

કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ કહ્યુ કે, મહેસૂલ વિભાગ રાજેન્દ્ર ત્રિવેદી પાસેથી કેમ લેવામાં આવ્યો તેનો જવાબ જનતા જાણવા માંગે છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે ક્યા ખેડૂતની જમીન કોના નામે કરી છે. તેમણે કહ્યું કે બે મંત્રીઓના વિભાગ બદલવાથી ભ્રષ્ટાચાર રોકાશે નહીં.

# ભારે વરસાદને કારણે પૂરની સ્થિતી, અનેક રાજ્યોમાં ભૂસ્ખલન, ૩૧ લોકોનાં મોત

દેહરાદૂન,તા.૨૧

હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઓડિશા અને ઉત્તરાખંડ સહિત અનેક રાજ્યોમાં ભારે વરસાદને કારણે પુરની સ્થિતી છે, ભૂસ્ખલનને કારણે ૩૧ લોકોના મોત થયા છે. હવામાન વિભાગે રવિવારે પશ્ચિમ મધ્ય પ્રદેશમાં અને સોમવારે પૂર્વ રાજસ્થાનમાં અતિ ભારે વરસાદની આગાહી કરી છે.


ઉત્તરાખંડમાં સતત વાદળ ફાટવાને કારણે ચાર લોકોના મોત થયા છે, ૧૦ લોકો ગુમ થયા હતા. અનેક ગામોમાંથી હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. અહીંની નદીઓ ખતરાના નિશાનને પાર કરી ચૂકી છે, પુલો ધોવાઈ ગયા છે.ઉત્તરાખંડ ટિહરી જિલ્લાના ગવડ ગામમાં મૂશળધાર વરસાદથી બે મકાનોને નુકસાન પહોંચ્યું છે. જેમાં ૭ લોકો કાટમાળ નીચે દબાઈ ગયા હતા. કાટમાળમાંથી ૨ મૃતદેહો મળી આવ્યાં છે.કોઠાર ગામમાં કાટમાળ નીચે દબાઈ જવાથી એક વૃદ્ધ મહિલાનું ગૂંગળામણને કારણે મોત નીપજ્યું હતું, પૌડી જિલ્લાના બીનાક ગામમાં એક મકાન ધરાશાઈ થતાં ૭૦ વર્ષીય દર્શની દેવીનું મોત નીપજ્યું છે.ઓડિશાના ઉત્તરીય ભાગમાં ભારે વરસાદ પડ્યો હતો, જેને કારણે અનેક નદીઓમાં પૂરનો ભય છે. ૫૦૦ ગામોમાં લગભગ ૪ લાખ લોકો પ્રભાવિત છે. બાલાસોર, કેઓંઝાર અને મયુરભંજમાં રાત્રે ભારે વરસાદ પડ્યો હતો, જેને પગલે સુબર્નરેખા, બુધબાલંગ, વૈતરણી અને સાલંડીમાં પાણીના સ્તર પર નજર રાખવામાં આવી રહી છે.ઝારખંડમાં સાંજથી ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો છે.

અનેક વૃક્ષો અને વીજળીના થાંભલા ઉખડી ગયા છે, કેટલાક જિલ્લાઓમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે



કોઈ આવો...
બારણાં જૂએ છે રાહ, કોઈ આવો.
છે તમારી અમને ચાહ, કોઈ આવો.
ના કરો ખોટીયે વાહ, કોઈ આવો.
ના ગમે કોઈની આહ, કોઈ આવો.
છૂટ છે સૌને આવો અહીં ને બેસો,
હો તમે નિર્ધન કે શાહ, કોઈ આવો.
ના નહીં પાડે કોઈને એય કદી પણ,
હોવ ઈશ્વર કે અલ્લાહ, કોઈ આવો.
કેટલા વર્ષો થ્યા,આંગણું રણ જેવું,
ઝાંઝવા સમ ચારાગાહ, કોઈ આવો.
ઘા ખમી ખાધાં,થાક્યા વિરહ વાંધામાં,
પ્રેમ દુશ્મન, દુનિયા દાહ, કોઈ આવો.
થાક થૈ જાશે હલકો ય,પાઈશુ થોડી,
આદુ ફૂદીનાની ચાહ, કોઈ આવો.
નારણ મકવાણા (અમદાવાદ)

તોલવો મને...
અંદર અંદર સળગ્યા કરું છું, ઓલવો મને.
મુઠ્ઠી બંધન બાંધો, કઠિન છે ખોલવો મને.
છું સાવ હવા જેવો, વજન બ્રહ્માંડ જેટલું,
રહેવા દો રહેવા દો હવે તો તોલવો મને.
અડતાં વેંત જ બટકી જઉઁ છું હું, અડો જરા,
સ્હેલો બસ સમજો ના જરાયે છોલવો મને.
ફૂગ્ગા સાથે ઉડતો ફરું છું આભમાં અને,
ચાંચ તમારી મૂકે નહીં બસ ઠોલવો મને.
પડની અંદર પડ,પડ ઉપર પડ,પડ મહીં સમય,
સ્મરણોનો તાકો છું, ક્ષણો થી ફોલવો મને.
નારણ મકવાણા (અમદાવાદ )




કળિયુગનું કુરુક્ષેત્ર
ભીષ્મ જેવી કિસ્મત લલાટે લલાટે લખાણી છે,
સુંવાળી સેજ નીચે, શૈયા કાંટાળી પથરાણી છે!
કળિયુગનું કુરુક્ષેત્ર છે આ..ભૂમિ રક્તથી નહીં, અશ્રુઓ થકી ખરડાણી છે!
બાણો વાણીથી છૂટે,છાતી શબ્દોથી વિંધાણી છે!
ચક્રવ્યૂહના ભેદભરમમાં,મતિ સહુની અટવાણી છે!
કળિયુગનું કુરુક્ષેત્ર છે આ..પાસાઓ ને પ્યાદાઓ વગર જંગ ઘણી ખેલાણી છે!
યુગો યુગોથી ચાલી આવતી જીવનની આ કહાણી છે,
જુઠાણાંની જાજમ નીચે,વાતુ સૌ સાચી ધરબાણી છે!
ત્રેતા, દ્વાપર કે પછી..હોય ભલે સતયુગ,
જીવતરને જોડા મળે..ને લાશ ફૂલોથી ઢંકાણી છે!!
..ફાલ્ગુની યતીન મહેતા ( મુંબઈ )



" પ્રથમ વરસાદનું ગીત "
" મનડાની ડાળીએ મોરલો ટહુક્યો..
ને મારી ભીતર આજ બેઠું ચોમાસું..
સ્નેહના નીર વરસ્યા સાંબેલાધારે..
આવો ભીતરથી આજે ભિંજાશુ..
ગોરંભાયુ તુ આભ કંઈક
વિત્યા વરસથી..
આજ વરસીને ખાલી થઈ ગયું ખાસ્સુ..
જો જરાક વરસીને ના વયા જતાં વાદળો.
તમે વરસો તો વરસો બારેમાસુ..
બહેકી મોસમ ને થોડું મનડું બહેકયુ..
આ જ અંતરથી એકમેકમાં સમાસુ. "
કાંતિભાઈ.જાદવ. ( ભાવનગર.)



તારા વિના આ જીવન મારૂં,
કેવી રીતે વિતાવીશ હું?
દિલમાં છે તસ્વીર તારી,
કઈ રીતે ભૂંસીશ હુ?....
પ્રેમ કર્યો હતો દિલથી તુજને,
સપના સજાવ્યા હતા મેં,
સપનાઓ મહેલ તુટી ગયો મારો,
કઈ રીતે રહીશ તેમાં હું?..
તારા યૌવનમાં મદહોંશ બનીને,
દિવાનો બન્યો હતો હું,
મુજને છોડીને ચાલી ગઈ તું,
કઈ રીતે તને ભૂલી હું?
નફરતની આગ લગાડી છે તેં,
ઝખ્મી ખૂબ બન્યો છું હું,
તારી બેવફાઈ જોઈને "મુરલી",
કઈ રીતે જીવીશ હું?
રચના-ધધજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)



કરી આંખો બંધ ને તું નજર સામે, આવી ગયો કાના.
એ જ હસતાં ચહેરે મારી સામે, તું હસતો રહ્યો કાના.
ટગર ટગર જોતી રહી તને હું ને, તું એમ જ મલકતો રહયો કાના.
બોલવાં મથી રહી હું ને,તું મૌનથી જ વાતો કરતો રહયો કાના.
ખુલી ગઈ આંખો મારી ને ફરીથી,એમ જ આમતેમ તને શોધતી રહી કાના.
ચૌહાણ ભાવના ઈન્દ્રવિજયસિંહ ...
સાવલી ( ગુલાબપુરા )

## 'સંગઠન સર્વોપરી', રાજેન્દ્ર ત્રિવેદીના વિધાનસભા વિસ્તારમાં વિવાદાસ્પદ બેનર લાગ્યા

વડોદરા,તા.૨૧

વડોદરા શહેરમાં આજે ઠેર-ઠેર વિવાદાસ્પદ બેનર લાગ્યા છે. અચાનક લાગેલા આ બેનર ચર્ચાનું કેન્દ્ર બની ગયા છે. આ બેનરમાંસંગઠન હી સર્વોપરી લખેલું છે. બેનર લગાવનાર વ્યક્તિએ પોતાની ઓળખ છુપાવી છે. બેનરમાં ભારત માતા કી જય લખેલું પણ જોવા મળી રહ્યું છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO.115
વિષય: રાધાકૃષ્ણ
વિભાગ: પદ્ય
શીર્ષક: વ્યથા
શું સુંદર સમયની બલિહારી હતી..
જમના કાંઠે પનિહારીઓની મેહફિલ જામી હતી....

તે ત્રાસી નજરે જે કાંકરી મારી હતી, મારી ગાગર નહી, હુ રોમ-રોમ વિધાંણી હતી...
આ ઝાકળનાં મોતીની પ્રિતડી શિદ કાન્હા...
જયા વિણુ ત્યાં વિખાય..
તારી આ રંગીલી રાસલીલા મુજ હુદિયે શિદને સેહવાય..
એક પ્રિત દિવાની,
એક દર્દ દિવાની,
એક હે તેરે મેહલો કી રાની, કાન્હા
મે ,તો હુ એક પ્યાસી જોગન
એક પ્યાસ તેરી ઝલક કી કાન્હા,
ફિર કયા ઝહેર ઓર કયાં જામ કા પ્યાલા
વિદ્યા વિશાલ કંસારા

---

NOG SS NO.118
વિષય: રાધાકૃષ્ણ
વિભાગ: પદ્ય
શીર્ષક: બીનતી કરું..
બીનતી કરું તમને... બાંકેબિહારી...!!
બીનતી કરું તમને....ઓ બનવારી...!!
સુધબુધ વિસારી... અનિમેષ નીહાળી....
આંખોમાં ભરી લઉં મોહન...મોહક છબિ તારી....!!
બીનતી કરું તમને.. ઓ રે મુરારી.....
બીનતી કરું તમને... ઓ મોરપીચ્છધારી...!!
હળધરની સાથે રમતા.. હળવેથી માખણ ખાતા...,
નંદયશોદાજીના લાડકવાયા....!!
બીનતી કરું તમને....ઓ ગિરધારી...!!
બીનતી કરું તમને...ઓ બંસીધારી... !!
એક છબિ છે કોતરાઇ, અંતરમાં મારી..
કેમ રહું દૂર તારાથી, રાધાના સ્વામી...!!
બીનતી મારી સૂણ લે...
કૃષ્ણ કન્હાઈ..
અમદાવાદ -ચૈતાલી જોશી

---

NOG SS No : 109
શિર્ષક:-હે કિષ્ણ /બાબુ સંગાડા'મહેક'
પ્રકાર :-પધ
તોડો નહી હવે બસ કરો,
આસ્થાના નામ પર,
હે કિષ્ણ! આંખો ખોલ જરા,
તારા નામ પર જગ લૂટાય છે.
ધર્મનો વાવટો ફરકાવ્યો તો,
બધે સુખ શાંતિને સમુધ્ધિ માટે,
કેટલી અસુરીવુતિ બાળી હતી.
આજ તારી હવેલિથી લોક શંખ ફૂંકે,
તને પડકારે છે,
તેની ભીતર ,બહાર બધે ધીખે,
ધૂણી જો હોમાય નિચોવ્યા કાળજાના મૂલ્યો.
તારી પવિત્ર લીલાના નામ પર મેળા પડે,
વૈભવ ને વિલાસતાના,
જાગ હવે સમય આવી ગયો,
થોડો બચ્યો સંસાર,
કાલ તારો વિશ્વાસ ખોઈ નાખશે,
હે કિષ્ણ!તું એકલો હોઈશ,
તારી હવેલીમાં,
ને બધે શાંતિ હશે,
નિરવશાંતિ!!
બાબુ સંગાડા 'મહેક'

---

NOG SS NO- 0088
વિષય- રાધા કૃષ્ણ
પ્રકાર- પદ્ય
શીર્ષક- સમર્પણનો પર્યાય રાધા
નામ- ડૉ. મનીષા વ્યાસ
રાધા કૃષ્ણની યાદમાં ઝૂરતી સુધબુધ ખોઈ બેઠી પારાવાર વિમાસણમાં..
અરે શ્યામ! છોડ્યું ગોકુળ જરી એકવાર પાછુંય વળીને તો જોવું'તું..
આપ્યા'તા કોલ, નથી અળગી તું રહી ઘટઘટ શ્વસે છે મારામાં..
થંભ્યા'તા શ્વાસ મારા એ જ વાટેઘાટે જરાક શ્વસીને તો જોવું'તું..
દુકાળિયા રૂઠ્યા મેઘેય વરસ્યા મન મેલીને આજ વનરાવનમાં..
આ તરસતી તરસી આંખનું સુનું આંસુ જરા લુછી તો જોવું'તું..
કે'તો તારા રુંવે રુંવે છું રાધા, યાદ કરતાં હું પ્રગટીસ પલકમાં..
પ્રગટયા'તા આશાના દીવા રુંવે રુંવે લગાર પૂંઠવાળીને તો જોવું'તું...
યમુના તટે થૈ ઓતપ્રોત, મધરાતે રમ્યાં રમઝટ રાસે અંધારામાં..
છોડી'ગ્યો મથુરા ને મામો હણી જતાં દ્વારિકા માર્ગે, કેમ છો? તો પૂછ્વું'તું..
રાજા થ્યો, પરણ્યો અષ્ટપટરાણી, સોળહજાર સોળસો નારી વધારામાં..
તું દ્વારકાપુરીનો શેઠ, ચાકરો કરે વેઠ, તો જરી નાનકડું ફદિયું તો લખવું'તું...
સોનાની દ્વારિકે, હિંડોળાખાટે ઝૂલતાં, પાડી ત્રણ તાલી, ભર્યા દરબારમાં..
ઓધવજીને કરી આદેશ, અમને તેડી લાવવાનું ફરમાન તો છોડવું'તું..
વહાલાં લાગ્યાં તને રાજકાજ ભારી, તેં રાખ્યાં અમને સ્વપ્નથીય આઘાં ..
સમર્પણનો પર્યાય રાધા, માધા રહો ભલે આઘા, પજવે નહિ તને કોઈ બાધા..
ડૉ. મનીષા વ્યા
અમદાવાદ તારીખ:- ૨૧/૦૮/૨૨

---

NOG SS No : 001
પ્રકાર : ગદ્ય
શિર્ષક : શ્રી કૃષ્ણ
વિષય : કૃષ્ણ રાધા
: મારા રૂદિયા ની વાસ્તવિક વાત મન મંદિરમાં :
આંખ બંધ કરીને દીલની વાત ,
હું કૃષ્ણ ઈશ્વર સમજી તારી મૂર્તિ સમક્ષ તારી સાથે કરી લેતો,
મન મંદિરમાં તને હું નીરખી રહેતો .
આજ ખુલ્લી આંખે કરું હું વાત,જીવન હાલક ડોલક નૈયા માં તું માતો આશરો બન્યો તેની ખુલ્લી કબૂલાત....
મારગનો ચીંધનાર મલ્યો મુજને ,
ધીરજ રાખજે કોઈ તારાથી ,
છીનવી તો નહીં લે ને મુજને !
મન મંદિરમાં તને હું ભજતો રહેતો.શક્ય બન્યું ત્યાં સુધી જન્માષ્ટમી દ્વારકા પરિવાર સાથે આવતો રહેતો..
હું તો એકલો હતોને ,
તું જ પથદર્શક બન્યો મારો ,
ને આવ્યો ખુદ મુજ પાસે ,
મન મંદિરમાં મૂર્તિ તારી સદા હસતો,
બંધ આંખે નિરખ્યા'તા તમને,
આજ ખુલ્લી આંખે નિહાળું તુજને,
ખુલ્લી આંખોથી સપનાં બતાવવા ,
ખુદ આવ્યા તમે 'પ્રદીપ'આંગણે,
મન મંદિરમાં મૂર્તિ તારી નીરખું અશ્રુનયને.
પ્રદીપ રાવલ.સંચાલક

---

NOG.SS.No.0098
વિષય:- શ્રી કૃષ્ણ
પ્રકાર:- પદ્ય
શીર્ષક:- કલુષિત મન
હે કૃષ્ણ તું ફરીથી વિરાજ આ ધરતી પર
બળી રહ્યા છે માનવ ક્રોધ, ઈર્ષા અને ઘૃણા ની અગ્નિમાં ।
વગાડ ફરીથી મુરલીની મધુર ધુન
શાંત થઈ જાય મન ફરીથી જેને સાંભળીને ।
ફરીથી સ્મરણ કરા ગીતાના જ્ઞાનનો
જેને સાંભળી અજ્ઞાનતા મટે કલુષિત મનની ।
કર ફરીથી પોતાની વાણીની અમૃતવર્ષા
આ દ્વેષ, રોષ થી બડતી પૃથ્વી પર ।
જેમાં નહાઈને માનવ જાણી જાય
બધુંકજ છે બસ ક્ષણિક મૃગતૃષ્ણા ।
સાર્થક થાય છે એમનો માનવ જન્મ
જેણે જપ્યું બસ તારો હી નામ હરે કૃષ્ણ... હરેકૃષ્ણ ....કૃષ્ણ કૃષ્ણ હરે હરે ......
??
લીના શર્મા....હાલોલ ..

---

NOG SS NO - 0050
વિષય - રાધા કૃષ્ણ
પ્રકાર - પદ્ય મૌલિક
શીષૅક - મારા શ્યામ.
તા - ૨૮/૮/૨૦૨૨
..................................... ઓ મારા શ્યામ તારાં અનેકો છે નામ..!
ક્યાં નામે બોલાવું તને..! જ્યારે જ્યારે સાદ પાડું દોડ્યો ચાલ્યો આવજે..!
રાધા તને બોલાવે કાના..!
મીરાં બોલાવે શ્યામ..! યશોદાનો નટખટ કનૈયા..! અર્જુન નો સારથી..! કુરુક્ષેત્રની ભૂમિ પર
ગીતાનો સાર રચનાર..!
હું મનુ ક્યાં નામે બોલાવું વ્હાલા..!
શ્રાવણ વદ આઠમે ધરા પર મનાવીએ જન્મોત્સવ ..!
તમે તો પૂર્ણ પુરુષોત્તમ..! કદમની ડાળે મસ્તી કરતો ગોપીઓ સંગે..!
કાના તારી પ્રીતડી અનોખી તારી રીત અનોખી..!
રુક્મિણી નાં સ્વામી.!
રાધા રાણીનો તો જીવ તમે..!
ગોપીઓને ભાન ભૂલાવી વાંસળી નાં સૂરમાં..!
ગોકુળ વૃંદાવનની ગલીઓમાં બાળલીલા કરી..!
દ્રૌપદીની લાજ રાખી..!
વિરાટ સ્વરૂપના દર્શન અર્જુનને કરાવ્યાં..!
ગીતાનાં રચયિતા ,
વિષ્ણુસહસ્ર નામ સ્તોત્ર પણ રચાયતા...!
હે કૃષ્ણ તારાં વગર હું અધૂરી..!
તારાં વિશે શું લખવું મારી લાયકાત નથી..!
એ લખવા માટે ..!
બસ અંત સમયે મારો હાથ ઝાલજો.!
મીઠી મુરલીના સૂરમાં શાન ભુલાવી દે છે..!
તન મન ભલે જુદા હોય..!
પણ તુંજમાં સમાઈ જાવ..!
હે મારા દીનાનાથ..!
રાગીની શુક્લ 'રાગ'
મુંબઈ.

# ૫૦૦ કરોડની લોન અને ખંડણી કેસમાં મોટો ખુલાસો, ૨૨ લોકોની ધરપકડ, ચીની કનેક્શન

નવીદિલ્હી,તા.૨૧

દિલ્હી પોલીસે બે મહિનાથી વધુ સમય સુધી ચાલેલા એક ઓપરેશનમાં ૫૦૦ કરોડ રૂપિયાથી વધુની ત્વરિત લોન કમ ખંડણીના રેકેટનો ભાંડો ફોડીને દેશના અલગ અલગ ભાગોમાંથી ૨૨ લોકોની ધરપકડ કરી હતી. આ ગેંગના તાર પાડોશી દેશ ચીન સાથે જોડાયેલા છે અને તેમાં ઘણા ચીની નાગરિકો પણ સામેલ છે.

અધિકારીઓએ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ગેંગ ચીની નાગરિકોના ઈશારા પર કામ કરતી હતી અને ખંડણીના પૈસા હવાલા અને ક્રિપ્ટોકરન્સી દ્વારા ચીનમાં મોકલવામાં આવતા હતા. પોલીસના જણાવ્યા મુજબ, સેંકડો ફરિયાદો દાખલ કરવામાં આવી હતી જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, લોન ઉચ્ચ વ્યાજ દરો પર આપવામાં આવતી હતી અને વ્યાજ સહિતની રકમની સંપૂર્ણ વસૂલાત પછી, ગેંગ તેમના મોર્ફ્ડ કરેલા અશ્લીલ ફોટાઓનો ઉપયોગ કરીને વધુ પૈસા વસુલતી હતી.

દિલ્હી પોલીસના ઈન્ટેલિજન્સ ફ્યુઝન એન્ડ સ્ટ્રેટેજિક ઓપરેશન યુનિટે આ ફરિયાદોની નોંધ લીધી અને તપાસ દરમિયાન તેઓને જાણવા મળ્યું કે, આ પ્રકારની ૧૦૦ થી વધુ ફરિયાદો મળી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ગેંગ એપ યુઝર્સ પાસેથી ઘણી અયોગ્ય પરવાનગીઓ માંગી રહી હતી. એપ યુઝર્સના કોન્ટેક્ટ્સ, ચેટ્સ, મેસેજ અને ફોટાની એક્સેસ મેળવ્યા બાદ, આ ગેંગ ચીન અને હોંગકોંગ સ્થિત સર્વર પર સંવેદનશીલ માહિતી અપલોડ કરતી હતી.

નાની માત્રામાં લોન ચૂકવવાની આડમાં એપ્સ વિકસાવવામાં આવી હતી. અધિકારીએ કહ્યું કે, યુઝર્સ આવી એપ્સમાંથી કોઈ એકને ડાઉનલોડ કરતા, એપને પરવાનગી આપતા અને લોનની રકમ મિનિટોમાં તેમના ખાતામાં જમા થઈ જતી હતી.

ડીસીપી કેપીએસ મલ્હોત્રાએ જણાવ્યું કે, ત્યારબાદ લોન લેનાર વ્યક્તિને અલગ અલગ નંબરો પરથી કોલ આવવાનું શરૂ થઈ જતું હતું જે નકલીઁઢ પર લેવામાં આવ્યા હતા, જે એવી ધમકી આપી પૈસાની ઉઘરાણી કરતાં હતા કે, જો તેમણે પૈસા નહીં આપ્યા તો તેમના મોર્ફ્ડ કરેલા અશ્લીલ ફોટા ઈન્ટરનેટ પર અપલોડ કરી દેવામાં આવશે. ડીસીપીએ કહ્યું કે, સામાજિક બદનામી અને કલંકના કારણે યુઝર્સ તેમને પૈસા આપતા હતા, જે પછી હવાલાના માધ્યમથી અથવા ક્રિપ્ટોકરન્સી ખરીદ્યા પછી ચીન મોકલાવવામાં આવતા હતા.

એક વ્યક્તિ જેને ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ રૂપિયા સુધીની નાની લોનની સખ્ત જરૂરિયાત હતી, તેને બદલામાં ઘણા લાખ ચૂકવવા માટે મજબૂર કરવામાં આવતી હતી. પોલીસે કહ્યું કે, આના કારણે ઘણા લોકોએ આત્મહત્યા પણ કરી છે. તેમણે કહ્યું કે, આ ગેંગે ઘણા ખાતાઓનો ઉપયોગ કર્યો અને દરેક ખાતામાંથી દરરોજ ૧ કરોડ રૂપિયાથી વધુ મેળવ્યા.

પોલીસને જાણવા મળ્યું કે, આ નેટવર્ક દિલ્હી, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને અન્ય રાજ્યોમાં ફેલાયેલું છે. મલ્હોત્રાએ કહ્યું કે, બે મહિલાઓ સહિત ૨૨ લોકોની દેશના અલગ-અલગ ભાગોમાંથી ધરપકડ કરવામાં આવી છે.

પૂછપરછ દરમિયાન, તેઓએ ખુલાસો કર્યો કે તેઓ ચીની નાગરિકોના ઈશારા પર કામ કરતા હતા. વસૂલીના સંબંધમાં તમામ ડેટા તે દેશના સર્વરો પરથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા હતા. પોલીસે જણાવ્યું કે, કેટલાક ચીની નાગરિકોની ઓળખની પુષ્ટિ કરવામાં આવી છે અને તેમને શોધીને તેમની ધરપકડ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.



## એમસીએફ કેરમ પ્રીમિયર લીગ

બોરીવલી પશ્ચિમમમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા એમસીએફ સ્પોર્ટર્સ કોમ્પ્લેક્ષ ખાતે ત્રણ દિવસ યોજાયેલી એમસીએફ કેરમ પ્રીમિયર લીગમાં આઠ ટીમના ૯૬ ખેલાડીએ ભાગ લીધો હતો. ટીમ બ્રેકર્સ એન્ડ ફિનિશર્સે ટૂર્નામેન્ટ જીતી હતી. ટીમ જાયન્ટ કિલર્સ બીજી અને ટીમ એકે-૪૭ ત્રીજી આવી હતી. વિજેતાઓને ટ્રોફી એનાયત કરાઇ હતી. એમસીએફ દ્વારા રાજ્ય સ્તરની અનેક રમત સ્પર્ધા યોજાય છે અને તેમાં રાષ્ટ્રીય સ્તરના અનેક ખેલાડી પણ ભાગ લે છે.

# સમગ્ર ગુજરાતના રાવળયોગી સમાજ સાથે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્નેહમિલન યોજ્યું

### સમાજના છેવાડાના માનવીને પણ વિકાસની મુખ્ય ધારામાં લાવવાની પ્રતિબદ્ધતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારની દરેક કલ્યાણ યોજનાઓનો મુખ્ય હેતુ છે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સમગ્ર ગુજરાતના રાવળયોગી સમાજના સ્નેહમિલનમાં જણાવ્યું કે છેવાડાનો માનવી પણ વિકાસની મુખ્ય ધારામાં આવે તેવી પ્રતિબદ્ધતા સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વની કેન્દ્ર સરકારે દરેક કલ્યાણ યોજનાઓ ઘડી છે.



વડાપ્રધાનશ્રીએ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસથી વિકાસનો જે મજબૂત પાયો નાખ્યો છે, તેને ટીમ ગુજરાત તરીકે અમે આગળ ધપાવી રહ્યા છીએ અને નાનામાં નાના માનવીને પડતી મુશ્કેલીઓ દૂર થાય તેવા સંકલ્પ સાથે અમે કાર્યરત છીએ.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડાપ્રધાનશ્રીએ વિકાસની રાજનીતિનો જે નવો યુગ શરૂ કર્યો છે તેના પરિણામે સૌ સમાજ-વર્ગો હવે કોઈ પ્રલોભનો કે લોભ લાલચમાં ખેંચાવાને બદલે શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં દરેક ક્ષેત્રે વિકાસ માટે પ્રતિબદ્ધ થયા છે.ધરાતલ સાથે જોડાયેલો આ રાવળયોગી સમાજ પોતાના પરંપરાગત વ્યવસાયો સાથે હવે તેમના સંતાનોની શિક્ષણ દ્વારા વિકાસના રાહે કારકિર્દી ઘડે તેવી અપીલ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે રાજય સરકાર પણ વિવિધ યોજનાઓથી જરૂરતમંદોની પડખે ઊભી રહેવા તત્પર છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે આ સમાજનાં સંતાનોને શિક્ષણ મેળવવામાં જે સુવિધાઓની જરૂરિયાત હશે, તે આપવા પણ રાજ્ય સરકાર શક્ય તમામ પ્રયત્નો કરશે અને સમાજ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો પ્રત્યે પણ અમે યોગ્ય વિચારણા કરીશું તેવો વિશ્વાસ તેમણે આપ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતનું નાણાકીય વ્યવસ્થાપન આખા દેશમાં નંબર વન છે.એટલું જ નહીં, કોઈ પણ યોજનાઓમાં, ગરીબ-વંચિત, નાનામાં નાના માણસની કલ્યાણ યોજનામાં પૈસાની કોઈ તકલીફ ન પડે તેવું સુદ્રઢ આયોજન આપણે કર્યું છે અને આ વર્ષે ૨ લાખ ૪૫ હજાર કરોડ જેટલું માતબર બજેટ ગુજરાતના વિકાસ માટે ફાળવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ રાવળયોગી સમાજના સૌ અગ્રણીઓને અને રાજયના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા આ સમાજના લોકોને એમ પણ કહ્યું કે આ સરકારે આવકના દાખલાની મર્યાદા ત્રણ વર્ષ કરવી, જ્યાં કાયદાકીય રીતે આવશ્યક ન હોય ત્યાં એફિડેવિટની પ્રથા દૂર કરવી, વગેરે સહિતના સામાન્ય માનવીને વધુ સરળતા આપતા નિર્ણયો કર્યાં છે. બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી ઉદય કાનગડે જણાવ્યું હતું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમાજના સૌ વર્ગોને સાથે લઈને ચાલવાની નેમ સાથે મૃદુ અને મક્કમ નિર્ણયકર્તા મુખ્યમંત્રી તરીકે લોકોમાં આગવી ચાહના પામ્યા છે.

રાવળયોગી સમાજ પોતાના પેઢી દર પેઢીથી ચાલી આવતા વ્યવસાયો સાથે હવે વિકાસમાર્ગે આગળ વધવા પ્રતિબદ્ધ બન્યો છે, તે આટલી વિશાળ સંખ્યામાં સમાજના લોકોની ઉપસ્થિતિથી દેખાઈ રહ્યું છે. તેમણે આ માટે સમાજને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે અગ્રણી શ્રી ભગવાનદાસ પંચાલ, બક્ષીપંચ મોરચાના યુવા પ્રમુખ દેવેન્દ્રભાઈ રાવળ, વિચરતી અને વિમુક્ત જાતિ-રાષ્ટ્રીય આયોગના પૂર્વ સદસ્ય શ્રી રાજેન્દ્રભાઈ રાવળ, રાવળયોગી યુવા સંગઠનના ભરતભાઈ રાવળ, તેમ જ બક્ષીપંચ મોરચાના યુવા અગ્રણી શ્રી મયંક નાયક, વગેરેએ સમાજ વતી મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કરીને સમગ્ર રાવળયોગી સમાજ આવનારા દિવસોમાં પણ મુખ્યમંત્રીશ્રી અને પક્ષની પડખે રહેશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

## બનાસકાંઠામાં લમ્પી વાયરસનો કહેર યથાવત : વધુ ૧૦૪૩ કેસ નોંધાયા.

ન્યુઝ ઓફ ગાંધીનગર બનાસકાંઠા બ્યુરો



દેશભરમાં સૌથી વધુ પશુધન ધરાવતા સરહદી બનાસકાંઠા જિલ્લામાં લંપી વાયરસનો પ્રકોપ વધતો જાય છે. લંપી વાયરસે હવે જિલ્લાના તમામ ૧૪ તાલુકા ફરતે ભરડો લેતા સમગ્ર જિલ્લો લંપી ગ્રસ્ત બન્યો છે. આજે જિલ્લામાં નવા ૧૦૪૩ કેસ સાથે મૃત્યુ આંક ૩૮૦ એ પહોંચ્યો છે.બનાસકાંઠા જિલ્લામાં લંપી વાયરસે હાહાકાર મચાવતા તંત્રની ઊંઘ હરામ થઈ ગઈ છે. જિલ્લામાં ૧૪ તાલુકાના ૬૩૨ ગામના ૧૮૬૩૧ પશુઓમાં લંપી વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. જેમાં આજે ૧૦૪૩ નવા કેસના વધારા સાથે વધુ ૨૪ પશુઓ મોતને ભેંટતા મૃત્યુ આંક ૩૮૦ એ પહોંચ્યો છે. આજે ૨૭૦૦ પશુઓ ને રસીકરણ કરાયું હતું. ત્યારે જિલ્લા માં અત્યાર સુધીમાં ૧૧૫૩૨૭૦ પશુઓ ને રસીકરણ થયું હોવાનું નાયબ પશુપાલન નિયામક જે.પી.મજેઠીયાએ જણાવ્યું હતું.

## ભંગારનો ધંધો અને ફેરી કરનારે પોતાની સંપૂર્ણ વિગતો પોલીસ સ્ટે૧શને જણાવવી

અમદાવાદ,

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ ગ્રામ્ય? જિલ્લામાં ભંગારનો ધંધો અને ભંગારની ફેરી કરનારે પોતાના કાર્યક્ષેત્રેની અને પોતાની સંપૂર્ણ વિગતો અસરકર્તા પોલીસ સ્ટેગશને જણાવવાની રહેશે એમ અધિક જિલ?લા મેજિસ્ટ્રે ટશ્રીએ જાહેરનામામાં જણાવ્યું છે.

અમદાવાદ જિલ્લાંમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઇ.ડી.સી., વિરમગામ જી.આઇ.ડી.સી., અસલાલી, ચાંગોદર અને બાવળા જી.આઇ.ડી.સી. ખાતે તેમજ જિલ્લા ગ્રામ્યગ વિસ્તરરોમાં ભંગારનો ધંધો કરતા તેમજ ભંગારની ફેરી કરનારે પોતાના વતન તેમજ ધંધા સ્થજળનું પોલીસ ક્લીયન્સડ સર્ટી. મેળવી રાખવુ પડશે. ધંધા સાથે કામકાજ કરનાર તમામના સર્ટી રાખવા તેમજ તમામની સંપૂર્ણ વિગતો સંબંધિત પોલીસ સ્ટોશને જણાવવાની રહેશે.

જેમની પાસેથી ભંગાર ખરીદે તેની ઓળખ વિગત સાથેની માહિતીનું નિયત રજીસ્ટતર ફરજિયાત નિભાવવુ પડશે તેમાં વેચનારની સંપૂર્ણ વિગતો સંપર્ક સાથે સામેલ કરવાની રહેશે.

ભંગાર લે – વેચના સામાનમાં જો કોઇ ગેરરીતિ કે શંકાસ્પદ મુદ્દામાલ જણાય તો તરત જ નજીકના પોલીસ સ્ટેડશને તેની જાણ કરવાની રહેશે.

ભંગારવાળા પાસે જો કોઇ વાહન વેચવા આવે તો વાહનની અસલ આર.સી.બુક વિના વેચાણ કે ખરીદી કરવી નહીં. આવા વાહનોના એન્જીશન તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રે શન સાથેની માહિતી તાત્કીલિક પોલીસ સ્ટેશને જણાવવાની રહેશે.

તા. ૦૬/૧૦/૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.




રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ચાણસ્મા તાલુકાના વસાઇ પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતાં સુરેખાબેન અમરતલાલ પટેલ ને ગુજરાત સરકાર દ્વારા તેમની કામગીરી લઈને લઈ ને શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરાતાં આગામી છઠ્ઠીના દિવસે તેમને શ્રેષ્ઠ શિક્ષક તરીકે નવાજવામાં આવશે ચાણસ્મા તાલુકાના રુપપુર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા નયનાબેન સુનિલકુમાર ગોસાઈને પણ ગાંધીનગર શિક્ષણ વિભાગ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરાતા બન્ને શિક્ષિકાઓને શિક્ષિકાઓનું શિક્ષણ વિભાગ દ્વારા બહુમાન કરવામાં આવશે

## અંબાજી મંદીર ના દર્શનાથે પુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી

### પાર્ટી ટીકીટ આપશે તો ચૂંટણી લડીશઃ વિજય રૂપાણી



બનાસકાંઠા બ્યુરો,

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અંબાજી મંદિરે દર્શનાર્થે આવ્યા હતા. અંબાજી મંદિર પહોંચી વિજય રૂપાણી પરિવાર સાથે માં અંબાના દર્શન કર્યા હતા. ત્યારબાદ માતાજીની પૂજા અર્ચના કરી હતી. ત્યારબાદ તેઓને આગામી ચૂંટણી લડવા બાબતે પૂછતા તેઓએ જણાવ્યું કે, 'પાર્ટી લડાવશે તો ચૂંટણી લડીશ, નહીં લડાવે તો નહીં લડું, અમારે ત્યાં વ્યક્તિ નહીં પાર્ટી નક્કી કરશે'. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી ગુજરાતની જનતાની સુખકારી જીવન માટે માતાજીને પ્રાર્થના કરી હતી. દાંતા તાલુકાના કુકડી ગામથી રામદેવરા જતા યાત્રાળુઓને અકસ્માત નડ્યો છે તેમને માટે રૂપાણીએ સંવેદના વ્યક્ત કરી હતી.ગુજરાતમાં આવનાર વિધાનસભા ચૂંટણી યોજનાર છે. તેને લઈ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી મીડિયા સમક્ષ જણાવ્યું કે, મારે ચૂંટણી લડવી છે કે નહીં તે પાર્ટી નક્કી કરશેપપાર્ટી કહેશે તોહું ચૂંટણી લડીશ અને પાર્ટી ના પાડશે તો નહીં લડું.. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની પોતાની ચૂંટણી લડવાનો નિણર્ય પાર્ટી પર છોડ્યો.

## સાયબર કાફેમાં નિયત નિયમો પાલન કરવા આદેશ

અમદાવાદ,

અમદાવાદ જિલ્લાનની ગ્રામ્યવ વિસ્તા રની હદમાં આવેલ તમામ સાયરબર કાફેના માલિકોને નિયત નિયમો પાલન કરવા અધિક જિલ્લાવ મેજિસ્ટ્રે ટ શ્રીએ આદેશ ફરમાવ્યોે છે.

સાયબર કાફે ખાતે સી.સી.ટીવી કેમેરા લગાવવા તેમજ નિયત રજીસ્ટારો સુવાચ્યય અક્ષરે સંપૂર્ણ વિગતો સાથે નિભાવવાના રહેશે. સાયબર કાફેનો વપરાશ કરનારની સુવાચ્યવ સહી તેમજ પુરુષના ડાબા હાથના અને સ્ત્રી ના જમણા હાથના અંગૂઠાનું નિશાન ફરજીયાત લેવું. મુલાકાતી સેલ્ફન એટેસ્ટેટ ફોટો કોપી ઓળખપત્ર જમા કરાવવી.

સાયબર કાફેના માલિક, મેનેજર તેમજ તમામ કર્મચારીઓની સંપૂર્ણ વિગતો સંપર્ક નંબર અને તાજેતરના ફોટોવાળી હકીકતો લેખિતમાં નિયત કરેલા પત્રકમાં સંબંધિત નજીકના પોલીસ સ્ટેતશને જણાવવાની રહેશે. અધિકૃત અધિકારી તપાસ કરવા આવે તો તપાસ કરવા દેવી.

તા. ૦૬/૧૦/૨૦૨૨ સુધી અમલી આ આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે એમ જાહેરનામામાં જણાવ્યું છે.

## વેપારીઓને જૂના મોબાઈલના ખરીદ અને વેચાણ રજીસ્ટારો નિભાવવા આદેશ તથાનવું સીમકાર્ડ વેચાણ રજીસ્ટેર નિભાવવા આદેશ

અમદાવાદ ,

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના ગ્રામ્યથ વિસ્તાકરના વેપારીઓને જૂના મોબાઇલના ખરીદ અને વેચાણના નિયત રજીસ્ટારો નિભાવવા અધિક જિલ્લાક મેજિસ્ટ્રે ટ શ્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.

જૂના મોબાઇલ ખરીદતી અને વેચતી વખતે વેપારીઓએ અનુક્રમ નંબર, મોબાઇલ વેચનાર-ખરીદનારનું નામ, સરનામુ તેમજ સંપર્ક નંબર, મોબાઇલની વિગત-કંપનીૈ,સ્ૈર્ નંબર, મોબાઇલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલા નંબરૈ,દ્ઘ પ્રુફની વિગત, મોબાઇલ વેચનાર અને ખરીદનારનો તાજેતરનો ફોટો. આ સાત કોલમ મુજબ રજીસ્ટગર તૈયાર કરી નિભાવવાનું રહેશે. નવુંસીમકાર્ડ ખરીદતી વખતે વેપારીઓએ અનુક્રમ નંબર, સીમકાર્ડની વિગત/કંપનીનું નામ, સીમકાર્ડનંઅને તેનો મોબાઈલ નં., સીમકાર્ડ ખરીદનારનું નામ અને સરનામું,સીમકાર્ડખરીદનારનાફોટાવાળા આઈ.ડી.પ્રુફની વિગત,સીમકાર્ડ ખરીદનારની સહી. આ છ કોલમ મુજબ રજીસ્ટસર તૈયાર કરી નિભાવવાનું રહેશે. તા. ૦૬/૧૦/૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી દ્વારા જણાવ્યું છે.

## મકાન ભાડે આપતા સંબંધિત પોલીસ સ્ટેથશને જાણી કરવી

અમદાવાદ,

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લોમાં રહેણાંક કે ઔદ્યોગિક મકાન ભાડે આપતા પહેલાં ભાડૂઆતની સંપૂર્ણ વિગતો સંબંધિત પોલીસ સ્ટોશને જણાવવા અધિક જિલ્લાા મેજિસ્ટ્રે ટ શ્રીએ આદેશ કર્યો છે. મકાન ભાડે આપતા પહેલાં પોલીસ સ્ટેઅશને માહિતી પત્રકમાં અનુક્રમે મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત ક્યા વિસ્તાજરમાં કેટલા ચો.મી. બાંધકામ મકાન, મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યવક્તિનું નામ અને સરનામુ, મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસિક ભાડુ કેટલુ નક્કી કરેલ છે તે રકમ રૂપિયામાં, કઇ વ્યોક્તિઓને ભાડે આપેલ છે તેનો ફોટો, સહી સરનામા અને સંપર્ક સાથેની સંપૂર્ણ વિગતો, ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યપક્તિ, એજન્ટહ-બ્રોકરની તમામ વિગતો તેમજ અન્યથ વિગતો વાળા સાત કોલમવાળી માહિતી ભરી જમા કરાવવાની રહેશે. તા. ૦૬/૧૦/૨૦૨૨ સુધી અમલી આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર ઠરશે એમ અધિક જિલ્લાન મેજિસ્ટ્રે ટએ જણાવ્યું છે.

## જાહેર સ્થખળોએ સીક્યુરીટી ગાર્ડ અને C.C.T.V કેમેરા કાર્યરત રાખવા આદેશ

અમદાવાદ ,

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાદના ઓડાઉનોમાં સીક્યુરીટી ગાર્ડ અને C.C.TV કેમેરા કાર્યરત કરવા અધિક જિલ્લાબ મેજિસ્ટ્રે ટ શ્રીએ આદેશ કર્યો છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં અસલાલી, સાણંદ, વિરમગામ, ચાંગોદર, ધોળકા, બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં મોટા ગોડાઉનો આવેલા છે. ત્યાં બહારથી માલસામાન લાવીને સંગ્રહ કરવામાં આવે છે.




કેદારનાથ અમદાવાદથી લગભગ ૧૪૫૦ કિમી દૂર છે. આજે ઉદયપુર પહોચીયા શ્રીમાન પરાગભાઈ અને એમના ધર્મપત્ની સાધનાબેન નું ઉદયપુર પારસ હોટલ અને શ્રી ગુજરાતી સમાજ ઉદયપુર આગમન પર એમનું સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું. ડેપ્યુટી મેયર આદરણીય શ્રી પારસ જી સિંઘવી સાહેબ, આદરણીય ધારાસભ્ય શ્રી ફૂલસિંહ જી મીણા સાહેબ, કાઉન્સિલર શ્રી દેવેન્દ્ર જી સાહુ, ઉદયપુર ગુજરાતી સમાજ ના પ્રમુખ શ્રી રાજેશ બી મહેતા, વરિષ્ઠ ઉપાધ્યક્ષ શ્રી દિલીપભાઈ સોની, સહસચિવ અતુલભાઈ મકવાણા અને સહસચિવ મુકેશ ભાઈ ધુવાડ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.